# શહેરમાં ૧૯-૨૦ જુલાઈએ જ્વેલ ટેક ૨૦૦૮નું આયોજન

સુરત,તા.૧૨

ડાયમંડ ઈન્ડસ્ટ્રીમાં આધુનિકીકરણને વેગ મળે તે હેતુસર આગામી તારીખ ૧૯ અને ૨૦મી જુલાઈના રોજ હોટલ ગેટવે ઈન ખાતે જવેલ-ટેક ૨૦૦૮નું આયોજન કરવામાં આવ્યું છે. સંઘવી ડાયમંડવાળા અગમ સંઘવી અને સહજાનંદ લેસર ટેકનોલોજીના સૌનક દવેએ આ અંગે પ્રાથમિક વિગતો આપતા જણાવ્યું હતું કે, હીરાઉદ્યોગમાં ચાલી રહેલી આધુનિકીકરણની હવાને વેગ મળે તે આવશ્યક છે. ખાસ કરીને નાના મોટા તમામ મેન્યુફેકચરર દ્વારા ડાયમંડ કટિંગ પોલિશિંગમાં આધુનિક ટેકનોલોજીના ઉપયોગ દ્વારા વેલ્યુએડીસન કરી તેનો લાભ મેળવી શકે તેમ છે. અને આવા તમામ નાના મોટા ઉદ્યોગકારોને નવી જાણકારી મળી રહે તે હેતુસર આગામી તારીખ ૧૯ અને ૨૦ના રોજ જવેલ ટેક ૨૦૦૮નું આયોજન કરવામાં આવ્યું છે. બે દિવસ સુધી ચાલનારા આ પ્રદર્શનમાં દેશની તેમજ વિદેશની આઈટી સોફટવેર કંપનીઓ પોતાની અદ્યતન પ્રોડકટ રજૂ કરશે. તેમજ આ પ્રોડકટના વપરાશથી ઉદ્યોગકારો કેટલો ફાયદો મેળવી શકે છે તેની પણ વિગતો રજૂ કરશે.